(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨×૫)**

૧. અનશન અને સંલેખના એટલે શું?

**જ. અનશન એટલે યાવત્ જીવન માટે પ્રત્યાખ્યાન પૂર્વક આહાર–પાણીનો ત્યાગ કરવો. બાર તપમાં પ્રથમ તપ છે. સંલેખના તે અનશન ધારણ કરતા પહેલા તેની પૂર્વ તૈયારી કરવારૂપ છે. સંલેખના અનશન ધારણ કરવાના જ. છ મહિના પહેલા અને ઉ. ૧૨ વર્ષ પહેલા કરી શકાય છે.**

૨. સૂયગડાંગ સૂત્રના કેટલા અધ્યયન છે? તે પ્રતિક્રમણમાં ક્યાં બતાવ્યા છે? તેનો મૂળ પાઠ અને અર્થ લખો.

**જ. સૂયગડાંગ સૂત્રના ૨૩ અધ્યયન છે. તે પ્રતિક્રમણમાં ચોથા શ્રમણસૂત્રમાં છે. સોલસહિં ગાહાસોલસએહિં– સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન અને તેવીસાએ સૂયગડજ્ઝયણેહિં–સૂયગડાંગ સૂત્રના ૨૩ અધ્યયન.**

૩. ભય એટલે શું? તે કેટલા છે? અ થી શરૂ થતા ભયના નામ લખો.

**જ. ભય એટલે ભય મોહનીયના ઉદયથી થનાર આત્માના ઉદ્વેગરૂપ પરિણામને ભય કહે છે. તે સાત છે. તેમાંથી ૧) અકસ્માત્ ભય ૨) અપયશ ભય.**

૪. શ્રમણસૂત્ર એટલે શું? તે કોણે કરવા જોઈએ? ભગવતી સૂત્રમાં તેને માટે શું કીધું છે?

**જ. શ્રમણસૂત્ર એટલે ચતુર્વિધ સંઘરૂપ શ્રમણોના અધ્યયન સૂત્ર વિશેષ તે શ્રમણસૂત્ર છે. તે સાધુ–સાધ્વી– શ્રાવક–શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘે કરવા જોઈએ. ભગવતી સૂત્રમાં ચઉવ્વિહે સમણસંઘે પણ્ણત્તે કહીને સાધુ– સાધ્વી–શ્રાવક–શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘને એક શ્રમણસંઘ કહેલ છે.**

૫. છટ્ઠા અને દશમા વ્રતમાં શું ફરક છે?

**જ. છટ્ઠા વ્રતમાં દિશાની મર્યાદાના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. દશમા વ્રતમાં એક દિવસ–એક રાત્રિ માટે દિશા અને ભોગ–ઉપભોગની મર્યાદા કરવામાં આવે છે.**

**(ઈ) મોટા માંગલિકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. પાઠ પૂર્તિ કરો. જન્મ, **જરા ,મરણ, વેદના, મહા વેદના, અસહ્ય વેદના, ભયંકર વેદના,** કર્કશ. **(૩)**

૨. સિદ્ધના શરણા અને ધર્મના શરણા શા માટે લેવાના છે? (૧×૨)

**જ. સિદ્ધના શરણા રાગ–દ્વેષને હણવા અને ધર્મના શરણા ભવોદધિથી તરવા માટે લેવાના છે.**

૩. ધમ્મં શરણં પામી ....... ....... શિર ધરીએ.

**જ. જિન આજ્ઞા**

(૭૦)

**પ્ર.૨ (અ) પ્રાસ્તાવિક ગાથાઓ તથા ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો. (૪૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૨૦)**

૧. **ઉમ્મુંચ પાસં ઈહ મચ્ચિએહિં, આરંભજીવી ઉભયાણુપસ્સી ।**
**કામેસુ ગિદ્ધા ણિચયં કરંતિ, સંસિચ્ચમાણા પુણરિંતિ** ગબ્ભં ॥

**અર્થ : આ સંસારમાં મનુષ્ય આદિ સ્વજનના બંધનને તોડ કારણ કે શારીરિક ને માનસિક સુખોના કામી, આરંભ–સમારંભ કરી જીવનાર, કામભોગોમાં આસક્ત રહેનાર પાપકર્મોનો સંચય કરે છે. કર્મ સંગ્રહ થવાથી ફરીફરીને ગર્ભમાં આવી જન્મ–મરણ કરે છે.**

૨. અસંખયં **જીવિય મા પમાયએ, જરોવણિયસ્સ હુ નત્થિ તાણં ।**
**એવં વિયાણાહિ જણે પમત્તે, કિણ્ણુ વિહિંસા અજયા** ગહિંતિ ॥

**અર્થ : આ જીવન અસંસ્કૃત છે એટલે કે એકવાર તૂટ્યા પછી સાંધી શકાતું નથી માટે હે જીવ ! પ્રમાદ ન કર. વૃદ્ધાવસ્થામાં નિશ્ચયથી કોઈ ધન, સ્વજન આદિ શરણભૂત થતું નથી, માટે આ પ્રમાણે જાણો કે પ્રમાદી, હિંસામાં રત, અસંયમી પુરુષો અંત સમયમાં કોનું શરણ ગ્રહણ કરશે?**

૩. મુહું મુહું મોહગુણે જયંતં, અણેગરુવા સમણં ચરંતં ।
ફાસા ફુસંતી અસમંજસં ચ, ન તેસુ ભિક્ખૂ મણસા પઉસ્સે ।।
**અર્થ : નિરંતર શબ્દ આદિ મોહગુણને જીતતા, સંયમમાં વિચરતા સાધુને અનેક પ્રકારના શબ્દાદિ વિષય વિષય, પ્રતિકૂળરૂપથી પીડા આપે છે, છતાં પણ સાધુ તેના પર મનથી પણ દ્વેષ ન કરે.**

૪. તિત્થયરેહિ સુદેસિય મગ્ગં, નરય તિરિય વિવજ્જિય મગ્ગં ।
સવ્વ પવિત્તં સુનિમ્મિયં સારં, સિદ્ધિ વિમાણ અવંગુય દારં ।।
**અર્થ : તીર્થંકર ભગવંતોએ બ્રહ્મચર્યરૂપ સમ્યક્ પ્રકારે ઉપદેશેલ છે. નરક અને તિર્યંચગતિરૂપ દુર્ગતિથી રોકનાર માર્ગ છે. સંપૂર્ણ શુદ્ધ અને પવિત્ર કરનાર, સર્વ વ્રત–નિયમોમાં શ્રેષ્ઠ, સારરૂપ છે. તેમ જ સિદ્ધ ગતિ તેમ જ વૈમાનિક દેવલોકના દ્વાર ઉઘાડનાર છે.**

૫. સારં દંસણ નાણં, સારં તવ–નિયમ–સંજમ–સીલં ।
સારં જિણવર ધમ્મં, સારં સંલેહણા પંડિય મરણં ।।
**અર્થ : સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, ૧૨ પ્રકારના તપ, દશ પ્રકારના પચ્ચકખાણરૂપ નિયમ, ૧૭ પ્રકારનો સંયમ, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન, જિનેશ્વર પ્રરૂપિત ધર્મ, સંથારો–સંલેખણા અને પંડિત મરણ એ જ જગતના સર્વ પદાર્થોને વિષે સારભૂત અને આત્મકલ્યાણકારી પદાર્થો છે કારણ પંડિત મરણ થવાથી જ જીવનો મોક્ષ થઈ શકે છે.**

**(૨) માત્ર ગાથા લખો. (ભાવાર્થ નહિ) (૮)**

૧. ધર્મબાગમાં અનુરક્ત રહે.
**જ. ધમ્મારામે ચરે ભિક્ખૂ, ધિઈમં ધમ્મસારહી ।**
**ધમ્મારામે રએ દંતે, બંભચેર સમાહીએ ।।**

૨. મિથ્યાત્વના પાપનું આચરણ કરતો નથી.
**જ. જાઈ ચ વુડ્ઢિં ઈહજ્જ પાસ, ભૂતેહિં જાણે પડિલેહ સાયં ।**
**તમ્હા તિવિજ્જો પરમંત્તિ ણચ્ચા, સમ્મત્તદંસી ન કરેઈ પાવં ।।**

૩. ફળ એકલાએ જ ભોગવવું પડે છે.
**જ. સંસાર માવણ્ણ પરસ્સ અટ્ઠા, સાહારણં જં ચ કરેઈ કમ્મં ।**
**કમ્મસ્સે તસ્સ ઉ વેયકાલે, ન બંધવા બંધવયં ઉવેંતિ ।।**

૪. શરીરના નાશ સમયે તેઓ વિષાદને પ્રાપ્ત કરે છ
**જ. સ પુવ્વમેવં ન લભેજ પચ્છા, એસોવમા સાસઈવાઈયાણં ।**
**વિસીયઈ સિઢિલે આઉયમ્મિ, કાલોવણીએ સરીરસ્સ ભેએ ।।**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. તુચ્છ | **હલકા** | ૨. સત્ | **હોય છે** | ૩. કડાણ | **કરેલ** |
| ૪. ભેએ | **નાશ** | ૫. સાસઓ | **શાશ્વત** | ૬. ઘોરા | **ભયંકર** |

**(૩) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. સ્વચ્છંદ | **છંદં** | ૨. જીતવાથી | **જિએ** | ૩. આકાંક્ષા કરે | **કંખે** | ૪. બાહ્ય | **બહિરા** |

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. સંયમફળ કેવી રીતે મળે?
**જ. પ્રત્યાખ્યાન દ્વારા કોઇ શ્રાવક બને અથવા સાધુ બને, આમ સંયમ ફળ મળે.**

૨. કાળનો વિશ્વાસ કોણ કરતા નથી?
**જ. પ્રમાદમાં સૂતેલા લોકોની વચ્ચે વિચક્ષણ જ્ઞાની કાળનો વિશ્વાસ કરતા નથી.**

૩. બ્રહ્મચર્ય કોના સમાન છે?
**જ. સર્વ સમુદ્રોમાં મહાસાગર જેવું અને સંસાર સમુદ્રથી તરાવનાર તીર્થ સમાન છે.**

૪. શરીરનો અંત ન થાય ત્યાં સુધી શેની આકાંક્ષા કરવાની છે?

**જ. શરીરનો અંત ન થાય ત્યાં સુધી સમ્યક્દર્શન આદિ ગુણોની આકાંક્ષા કરવાની છે.**

૫. શેના વગર કરેલા કર્મથી છૂટકારો મળતો નથી?

**જ. ફળ ભોગવ્યા વિના કરેલા કર્મથી છૂટકારો મળતો નથી.**

**(આ) છ લેશ્યાના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) મને ઓળખો હું કોણ? (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. વારૂણી | **પદ્મ લેશ્યાનો રસ** | ૨. સરસવના ફૂલ | **પ્રશસ્ત લેશ્યાનો સ્પર્શ** |
| ૩. મરીનો રસ | **નીલ લેશ્યાનો રસ** | ૪. વિનયવંત | **તેજો લેશ્યાના લક્ષણ** |
| ૫. અજીતેન્દ્રિય | **કૃષ્ણ લેશ્યાના લક્ષણ** | ૬. માયા કરી હરખાય | **કાપોત લેશ્યાના લક્ષણ** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. શુક્લ લેશ્યાના લક્ષણ લખો.

**જ. ૧) અતિ આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનથી રહિત હોય ૨) ધર્મધ્યાન, શુક્લધ્યાન સહિત ૩) દશ પ્રકારની ચિત્ત સમાધિએ કરી સહિત ૪) આત્માનો દમણહાર ૫) પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુક્ત ૬) અલ્પ રાગવાળો કે વીતરાગી, ઉપશાંત હોય.**

૨. લેશ્યાનો ગતિ દ્વાર અને સ્થાનક દ્વાર લખો.

**જ. ગતિ દ્વાર – કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ અપ્રશસ્ત, અધર્મ લેશ્યા તેનાથી જીવ દુર્ગતિએ જાય. તેજો, પદ્મ, શુક્લ એ ત્રણ ધર્મ લેશ્યા, તેનાથી જીવ સુગતિએ જાય.**
**સ્થાનક દ્વાર – અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણીના જેટલા સમય થાય તથા અસંખ્યાતા લોકના જેટલા આકાશપ્રદેશ થાય એટલા લેશ્યાના સ્થાનક જાણવા.**

૩. લેશ્યાની ગાથા લખી, લેશ્યા કયા સૂત્રનો અધિકાર છે?

**જ. નામાઈ વણ્ણ રસ ગંધ ફાસ, પરિણામલક્ખણં । ઠાણં ઠિઈં ગઈં ચાઉં, લેસાણં તુ સુણેહ મે ।।**
**લેશ્યા ઉત્તરાધ્યયન સૂત્ર–૩૪ નો અધિકાર છે.**

૪. પંકપ્રભા અને દેવકુરુના મનુષ્યમાં લેશ્યા કેટલી? ત્યાં તેની સ્થિતિ કેટલી હોય?

**જ. પંકપ્રભામાં એક લેશ્યા તે નીલ લેશ્યા. સ્થિતિ – જ. સાત સાગર ઉ. દશ સાગર. દેવકુરુના મનુષ્યમાં ચાર લેશ્યા કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા. સ્થિતિ – જ. અંત. ઉ. અંત.**

**(૩) નીચેના જીવોને કેટલી લેશ્યા હોય? કઈ કઈ? (૪)**

૧. કબૂતરમાં – **૬ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા.**

૨. પથ્થરમાં – **૪ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા.**

૩. ક્ષાયિક સમકિતિ સ્થળચરમાં – **૪ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા.**

૪. પિયદંસણેમાં – **૧ લેશ્યા તે શુક્લ લેશ્યા.**

**(ઇ) અષ્ટ પ્રવચન માતાના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૧)**

૧. . યત્નાનો કાળથી, ભાષા સમિતિનો ક્ષેત્રથી, એષણા સમિતિમાં માંડલાનો ત્રીજો, ચોથી સમિતિનો ભાવથી, પાંચમી સમિતિનો દ્રવ્યથી આઠમો, ત્રણે ગુપ્તિના દ્રવ્યથી ભેદ લખો. (૪)

**જ. યત્નાનો કાળથી – દિવસે, ભાષા સમિતિનો ક્ષેત્રથી – ૨ ગાઉ ઉપરાંત જઈને આહાર–પાણી ન ભોગવે, એષણા સમિતિમાં અંગાલ – વખાણ કરીને ખાવું, ચોથી સમિતિનો ભાવથી – મમતા રહિત સંયમ સાધન સમજીને ભોગવે, પાંચમી સમિતિનો દ્રવ્યથી આઠમો – નગર–ગામની નજીકમાં, ત્રણે ગુપ્તિના દ્રવ્યથી ભેદ મન ગુપ્તિ આરંભ–સમારંભમાં મન ન પ્રવર્તાવે, વચન ગુપ્તિ ચાર વિકથા ન કરે, કાય ગુપ્તિ શરીરની શુશ્રુષા (શોભા) ન કરે.**

૨. સમિતિ એટલે શું? તે કેટલી છે? રાતે કેવી રીતે ચાલવું જોઈએ? શા માટે? (૩)

**જ. આવશ્યક કાર્ય માટે યત્નાપૂર્વકની આત્માની સમ્યક્ પ્રવૃત્તિ તે સમિતિ. તે પાંચ છે. રાતે ચક્ષુનો વિષય ન હોવાને કારણે અત્યંત જરૂરી કારણ સિવાય ગમન કરવાની ભગવાનની આજ્ઞા નથી છતાં ચાલવું પડે તો રજોહરણથી પૂંજીને ચાલે.**

૩. ગ્રહણૈષણા અને પરિભોગૈષણા એટલે શું? (૨×૨)

**જ. ગ્રહણૈષણા એટલે આહારાદિ ગ્રહણ કરતી વખતે શુદ્ધિ–અશુદ્ધિની સાવધાની રાખવી તે.**
**પરિભોગૈષણા એટલે આહારાદિ ભોગવતી વખતે શુદ્ધિ–અશુદ્ધિની સાવધાની રાખવી તે.**

૪. શેની વૃદ્ધિ માટે સાધનો રાખવાના છે? કેવી રીતે પરઠવાનું છે? પરઠતા શું બોલવાનું છે?

**જ. જ્ઞાન–દર્શન–ચારિત્રની વૃદ્ધિ માટે સાધનો રાખવાના છે. ચાર આંગુલ ઉપરથી યત્નાપૂર્વક પરઠવાનું છે. પરઠતા વોસિરે ત્રણ વાર બોલવાનું છે.**

**(૨) મને ઓળખો હું કોનો કયો ભેદ છું? (૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સાધુ માટે રસોઈ બનાવી હોય તે વહોરે. | **એષણા સમિતિનો દ્રવ્યથી** |
| ૨. સવારે તો પ્રતિલેખન કર્યું છે અત્યારે ન કરે તો ચાલે. | **આદાન ભંડમત્ત નિક્ખેવણિયાનો કાળથી** |
| ૩. રસ્તામાં ન બોલે. | **ભાષા સમિતિનો ક્ષેત્રથી** |
| ૪. પારણામાં ૫૦૦ જણને બોલાવવાના વિચાર કરે. | **મન ગુપ્તિનો દ્રવ્યથી** |

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કેકાયાર્ધ દેશ ક્યાં હતો? તેનું વર્ણન કરો. ત્યાંના રાજા કોણ હતા? તે કેવા હતા? તેનું વર્ણન કરો. (૫)

**જ. પાના નં. ૧૮૨ પહેલો અને બીજો ફકરો.**

૨. ચિત્ત સારથીએ કોની પાસે ધર્મ સાંભળ્યો? શ્વેતવિકા આવી ઉદ્યાનના રક્ષકોને શું કહ્યું? (૨×૫)

**જ. ચિત્ત સારથીએ કેશીકુમાર શ્રમણ પાસે ધર્મ સાંભળ્યો. શ્વેતવિકા આવી ઉદ્યાનના રક્ષકોને કહ્યું, ભવિષ્યમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ અહીં પધારે તો મને વિના વિલંબે જાણ કરવી.**

૩. કેશીકુમાર શ્રમણને જોઈને પરદેશી રાજાએ ચિત્ત સારથીને શું કહ્યું?

**જ. આ પુરુષ આટલા માનવ સમુદાય વચ્ચે બેસીને શા માટે જોરજોરથી બોલી રહ્યો છે? જડ પુરુષ જડ પુરુષની સેવા કરે છે. જેને કારણે હું મારા જ પ્રદેશમાં સ્વેચ્છાપૂર્વક હરીફરી નથી શક્તો! મને જાણીને કહો કે આ પુરુષ કોણ છે?**

૪. દુરાચારી મનુષ્યની વાત પરદેશીએ સ્વીકારવાની શા માટે ના પાડી? કેશીસ્વામીએ શું જવાબ આપ્યો?

**જ. દુરાચારી મનુષ્યની વાત પરદેશી રાજાએ એટલે સ્વીકારવાની ના પાડી કારણ કે દુરાચારીના વચનો પર કેવી રીતે વિશ્વાસ રાખી શકાય? માટે તે અપરાધીના વચન ન સ્વીકારાય. કેશીસ્વામીએ જવાબ આપ્યો કે તારા દાદા પણ અપરાધી છે તે જલ્દી મનુષ્યલોકને ઈચ્છે તો પણ આવી શક્તા નથી.**

૫. ગાથાપતિ અને બ્રાહ્મણની પરિષદમાં શું કરે છે?

**જ. ગાથાપતિની પરિષદમાં અપરાધીને વૃક્ષ સાથે બાંધીને સળગાવી દેવામાં આવે છે.**
**બ્રાહ્મણની પરિષદમાં અતિ અમનોજ્ઞ શબ્દોથી ઠપકો આપવામાં આવે છે તથા તપેલા લોખંડના સળિયાથી કપાળમાં ચિન્હ કરે અથવા દેશનિકાલ કરે.**

૬. સૂર્યકાંતાએ શું કર્યું? તેમાં પરદેશીએ શું કર્યું?

**જ. સૂર્યકાંતાએ પોતાની ભોગ ભોગવવાની ભાવનાઓ પૂર્ણ થતી અટકી જવાથી પરદેશી રાજાને લાડવામાં ઝેર આપ્યું. ધર્મના મર્મ પામેલા પરદેશી રાજાએ સૂર્યકાંતાના કાર્યને જાણવા છતાં સમભાવ રાખ્યો અને દેહના મમત્વનો ત્યાગ કરી સંથારો કર્યો.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. તુભ્યં **નમસ્ત્રિભુવનાર્તિ હરાય નાથ ! તુભ્યં નમઃ ક્ષિતિતલમલભૂષણાય !**

**તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન ભવોદધિ** શોષણાય ॥

**અર્થ : ત્રિભુવનના દુ:ખોના હરનારા હે નાથ ! આપને મારા નમસ્કાર હો. પૃથ્વીતળને વિષે નિર્મળ આભૂષણરૂપ ! આપને મારા નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વરરૂપ ! આપને મારા નમસ્કાર હો. ભવસાગરને શોષી લેનારા હે જિનેન્દ્ર ! આપને મારા કોટિ કોટિ વંદન.**

૨. સિંહાસને **મણીમયૂખ શિખાવિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।**

**બિંબં વિયદ્ વિલસદંશુલતા વિતાનં, તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ત્ર** રશ્મેઃ ॥

**અર્થ : હે ભગવાન ! જેવી રીતે ઊંચા ઉદયાચલ પર્વતના શિખર ઉપર આકાશમાં લતાના સમૂહની જેમ ફેલાતા પ્રકાશમય કિરણોથી સૂર્યનું બિંબ શોભે છે, તેમ ઊંચે વિવિધ રંગના કિરણો વેરતા મણિમય સિંહાસન ને વિષે આપનું સુવર્ણ સમાન દેદિપ્યમાન શરીર શોભી રહ્યું છે.**

૩. ગમ્ભીર **તાર રવપૂરિત દિગ્વિજય, સ્ત્રૈલોક્ય શુભ સંગમ ભુતિદક્ષઃ ।**

**સદ્ધર્મરાજ જયઘોષણ ઘોષકઃ સન્, ખે દુંદુભિધ્વનતિ તે યશસઃ** પ્રવાદી ॥

**અર્થ : ગંભીર અને મોટા અવાજ વડે જેના નાદે દિશાઓ ગજવી મૂકી છે, ત્રણે લોકના લોકોને પ્રભુનો શુભ સમાગમ આપવામાં કુશળ અને સદ્ધર્મના રાજા એવા તીર્થંકર ભગવાનનો જય હો એવા શબ્દોની ઘોષણા કરતો આકાશમાં થતો દુંદુભિનો નાદ આપના વિમળ યશને પ્રગટ કરી રહ્યો છે.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩)**

૧. દેવલોકમાં ક્યા વૃક્ષો છે?

**જ. મંદાર, સુંદર, નમેરુ,સુપારિજાત, સંતાનક નામના વૃક્ષ દેવલોકમાં છે.**

૨. દેવો સુવર્ણ કમળોની રચના ક્યાં કરે છે?

**જ. જિનેશ્વર ભગવાન જ્યાં જ્યાં પગલાં મૂકે છે ત્યાં ત્યાં દેવો સુવર્ણ કમળોની રચના કરે છે.**

૩. ભગવાનને શા માટે બ્રહ્મા કીધા છે?

**જ. મોક્ષમાર્ગની વિધિના વિધાતા હોવાથી ભગવાનને બ્રહ્મા કીધા છે.**

**જય – જિનેન્દ્ર**